# સુરત મહાનગરપાલિકા
## સાઉથ ઝોન (ઉધના)
## <u>ભેસ્તાન કોમ્યુનીટી હોલ</u>
હોલની નોંધણી માટેનું અરજીપત્રક

પ્રતિ,
કાર્યપાલક ઈજનેરશ્રી,
સાઉથ ઝોન (ઉધના),
સુરત મહાનગરપાલિકા.

હું /અમો નીચે સહી કરનાર ........................................................................................

રહેવાસી........................................................................... જ્ઞાતિ ........................................

ધંધો .............................................. આપને અરજ કરુ છું કે નીચે જણાવેલ તારીખે હું / અમો સાઉથ ઝોન (ઉધના)હેઠળનો ભેસ્તાન કોમ્યુનીટી હોલ ભાડે રાખવા માંગીએ છીએ,અને તે અંગે જે કાંઈ ચાર્જ હોય તે અમો ભરપાઈ કરવા રાજી છીએ. આ માટે જરૂરી ડિપોઝીટ ભરવા પણ રાજી છીએ. હોલ ભાડે લેવાના સર્વે નિયકો મેં /અમોએ વાંચ્યા છે અને તેનું પાલન કરવા અમો બંધાઈએ છીએ.

અરજદારની સહી

.......................................................................................................................................

| **અરજદારનું પુરુનામ અને સરનામુ :** | **હોલ ભાડે રાખવાની વિગત :** |
|---|---|
| | તારીખ : ........... થી તા......... |
| પ્રસંગ : | દિન : ............. |
| અરજદારની સહી : | રાત્રી : ............. |

## <u>ફકત ઓફિસ માટે</u>

ઉપરોકત તારીખે હોલ નોંધાયેલ ન હોવાથી આપવા યોગ્ય છે. જે હકીકતે ડીપોઝીટની રકમ રૂા. ............ , ભાડાની રકમ રૂા............ મળી કુલ રકમ રૂા................... વસુલાત કરી નોંધણી કરવા મંજુરી મળવા વિનંતી.

કલાર્ક

ડે. ઈજનેરશ્રી,

કાર્યપાલક ઈજનેરશ્રી,

ફોર્મ વેબસાઇટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.
The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in.
Note: In case the content of this downloaded form is modified, it may lead to legal action and the content as per the original form will be considered as final.

## સાઉથ ઝોન (ઉધના) માં આવેલ ભેસ્તાન કોમ્યુનીટી હોલ ભાડે રાખવાની શરતો.

(૧) વપરાશ કરનાર / ઈચ્છા ધરાવનાર વ્યકિતએ કે પ્રતિનિધિ મારફત રૂા. ૧૦/– ના નિયત ફોર્મમાં પુરી માહિતી સાથે અરજી કરવાની રહેશે.

(૨) મિલ્કતના વપરાશનો સામાન્ય સમય સવારના ૬:૦૦ કલાકથી રાત્રે ૧૧:૦૦ કલાક સુધીનો એક દિવસ ગણાશે.

(૩) એડવાન્સ બુકીંગ મિલ્કત ભાડે રાખવાની તારીખથી ૧૫૦ દિવસની સમયમર્યાદામાં કરવામાં આવશે. તે પહેલા કોઈપણ સંજોગોમાં મિલ્કતનું બુકીંગ કરવામાં આવશે નહી. મિલ્કતનું બુકીંગ વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે.

(૪) મિલ્કતનું બુકીંગ હોલની ડિપોઝીટની રકમ પેટે દર દિવસ દીઠ રૂા.૩૦૦૦/– રોકડઢથી આપવાની રહેશે. આ ડીપોઝીટની રકમ હોલનોવપરાશ કર્યા બાદ હોલ સુપરવાઈઝરનું સીર્ટીફિકેટ રજુ કર્યેથી લાઈટ યુનીટના નાંણા તથા કેન્દ્ર સરકારનો ચાર્જ ધારાધોરણ મુજબ કાપીને વગર વ્યાજે પરત કરવામાં રહેશે.

(૫) હોલનું બુકીંગ કર્યાની જાણ કર્યેથી હો વપરાશનું ભાડું પ્રતિદિન રૂા.૨૫૦૦/– લેખે રોકડેથી ભરપાઈ કરવાનું રહેશે.

(૬) હોલનું બુકીંગ વહેલો તે પહેલોના ધોરણે કરવામાં આવશે તેમ છતા જો એક જ તારીખે એન એક જ સમયે એકથી વધુ અરજી આવી હશે તો તેવા સંજોગોમાં અરજદારની રૂબરૂમાં મ્યુ.કમિશનરશ્રી અથવા તેમના પ્રતિનિધિ સમક્ષ ચિઠ્ઠી નાંખી હોલ કોને આપવો તે અંગે નિર્ણય કરવામાં આવશે જે આખરી અને બંધનકર્તા ગણાશે અને તે અંગે અરજદારોની કોઈ તકરાર ચાલી શકશે નહી.

(૭) રાષ્ટ્રીય તહેવારો કે એવા મહત્વના અસાધારણ પ્રસંગોએ કાર્યક્રમોની ઉજવણી માટે સુરત મ્યુ. ન. પ્રા. શિક્ષણ સમિતિની સંલગ્ન શાળાઓ તથા સરકારી સંસ્થાઓને પ્રથમ અગ્રિમતા આપવામાં આવશે તથા આ કાર્યક્રમો /પ્રોગ્રામ માટે શાસનાધિકારીશ્રીએ દિન–૧૧૫ પહેલા તેની જાણ કરવાની રહેશે અને તેનો ઉપયોગ મ્યુ. કમિશ્નરશ્રીની પરવાનગી થી વિના મુલ્યે કરી શકશે. પરંતુ વીજળીબીલ તથા ગેસ વપરાશ બીલ અચૂક આપવાના રહેશે.

(૮) (અ) લગ્નપ્રસંગે રીસેપ્શન અને /અથવા જમણવાર માટે.
(બ) ધાર્મિક પ્રસંગે પ્રવચન માટે.
(ક) શૈક્ષણિક કે સાંસ્કૃતિક પ્રસંગ માટે પ્રદર્શન ભરવું નિર્દેશન કરવું વિગેરે.
(ડ) વ્યાપારિક હેતુ માટે કપડા,સાડીઓ જીવન જરૂરિયાત ની ઘરવખરી તથા ચીજ વસ્તુઓ વિગેરેનું પ્રદર્શન તથા તેનું વેચાણકરવા માટે.
(ઈ) સેમીનારમાં કોન્ફરન્સ યા મીટીંગ ભરવા માટે.

(૯) બુકીંગ રવિવાર તથા રજાના દિવસો સિવાય સાઉથ ઝોન (ઉધના)ની કચેરી હોલ ઉપર સવારના ૧૧.૦૦ થી બપોરે ૫.૦૦ કલાકના સમય દરમ્યાન કરાવી શકાશે.

(૧૦) હોલ વપરાશનો સમય સવારે–૬–૦૦ થી રાત્રે ૧૧–૦૦ કલાક સુધીનો ૧ દિવસ ગણાશે.હોલ ફકત શાકાહરી રસોઈ માટે જ ભાડેથી આપવામાં આવશે.

(૧૧) આ હોલનું એક વખત બુંકીંગ કરાવ્યા બાદ જો તેનો ઉપયોગ ન કરવો હોય તો વપરાશની બુંકીંગ તારીખ કરતા ૮ દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.(અ) આ કેન્સલ કરેલ તારીખે આ હોલ જો બીજાને આપવામાં આવશે તો હોલની વપરાશની ફી ની ભરેલ રકમમાંથી ૫૦% કેન્સલેશન ચાર્જ કાપી બાકીની ફી ડિપોઝીટ સાથે રીફંડ આપવામાં આવશે.(બ)તે તારીખે હોલ બુકીંગ ન થાય તો ૭૫% કેન્સલેશન ચાર્જ કાપી લઈ બાકીની ફી ડિપોઝીટ સાથે રીફંડ આપવામાં આવશે. (ક)ચોખ્ખા ૮ દિવસ અગાઉ હોલનું બુકીંગ કેન્સલ કરવાની અરજી આપી ન હોય તો ફકત ડિપોઝીટની રકમ જ પરત મળશે.

ફોર્મ વેબસાઈટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.
The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in.
Note: In case the content of this downloaded form is modified, it may lead to legal action and the content as per the original form will be considered as final.

(૧૨) હોલ જે દિવસો માટે અને જે પ્રસંગ માટે જે વ્યકિતએ નોંધાવેલ હશે. તે પ્રસંગ માટે તે જ વ્યકિતએ હોલ વપરાશનો અધિકાર રહેશે.સીધી કે આડકતરી રીતે બીજા પ્રસંગ કે વ્યકિત માટે હોલ વાપરવા આપી શકાશે નહી.

(૧૩) હોલમાં ઉપયોગ કરવા માટે જે તારીખનું રીઝર્વેશન મેળવવામાં આવ્યું હોય તે તારીખ બદલી આપવામાં આવશે નહી. પરંતુ કોઈ ખાસ સંજોગોમાં તારીખ બદલી આપવાની સત્તા કાર્યપાલક ઈજનેર/ઝોનલ ઓફિસરને રહેશે. જે અરજદારે રૂા.૧૦૦.૦૦ની વધારા ની રકમ ફી તરીકે ચૂકવવાની રહેશે.આ પ્રમાણે બદલી આપવામાં આવેલ નવી તારીખ પ્રથમ નકકી થયેલ તારીખથી ૬૦ દિવસની અંદર હોવી જોઈએ. કોઈપણ કિસ્સામાં તારીખ બદલી આપવી કે અંદર હોવી જોઈએ.કોઈપણ કિસ્સામાં તારીખ બદલી આપવી કે નહી તે અંગેનો નિર્ણય કમિશનરશ્રીની મનસુફી ઉપર રહેશે.

(૧૪) મિલ્કત સામાજીક શુભ પ્રસંગો, ધાર્મિક પ્રસંગો, વ્યાખ્યાન, શૈક્ષણિક કે સાંસ્કૃતિક પ્રસંગ, ધાર્મિક સપ્તાહ, રીસેપ્શન, જમણવાર, સેમીનાર વિગેરે માટે પણ ભાડે આપવામાં આવશે.હોલમાં બીન શાકાહારી ખોરાક બનાવી કે પીરસી શકાશે નહી.

(૧૫) સળંગ ચાર દિવસ સુધીનું રીઝર્વેશન ઝોનલ ઓફિસરશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રી ની મંજુરીથી તથા ચાર દિવસથી વધુ દિવસો પરંતુ સાત દિવસ સુધીના સમય માટે હોલ સળંગ ભાડે જોડતો હોય તો તે ઝોનના વડાની મંજુરીથી થઈ શકશે.સાત દિવસ થી વધારેના સમય માટે હોલ ભાડે રાખવો હોયતો મ્યુ. કમિશ્નરશ્રીની મંજુરી આપવા સંબંધે યોગ્ય તે નિર્ણય લઈ શકાશે.

(૧૬) ચાર દિવસ સુધી કોમ્યુનીટી હોલ કાર્યપાલક ઈજનેર/ઝોનલ ઓફિસર ની મંજુરીથી ભાડે આપી શકાશે.ચાર દિવસથી વધારે પરંતુ સાત દિવસ સુધીના સમય માટે હોલ સળંગ ભાડે જોઈતો હોય તો તે ઝોન ના વડાની મંજુરીથી આપી શકાશે.સાત દિવસથી વધારે સમય માટે હોલ ભાડે રાખવો હશે તો મ્યુ.કમિ.શ્રી મંજુરી આપવા સંબંધે યોગ્ય તે નિર્ણય લઈ શકાશે.

(૧૭) કોઈપણ નુકસાન ન થયુ હોય તો ડિપોઝીટની રકમ કાર્યક્રમ પત્યા પછી સાધારણ રીતે એક માસમાં પરત કરવામાં આવશે. જે અંગે છાપેલા ફોર્મમાં અરજી કરવાની રહેશે.

(૧૮) હોલના મકાન અને કમ્પાઉન્ડમાં કોઈપણ પ્રકારની ગંદકી ન થાય તે રીતે હોલનો ઉપયોગ કરવાનો રહેશે અને કોઈપણ સંજોગોમાં શાળાના કમ્પાઉન્ડનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહી.

(૧૯) સુરત મહાનગરપાલિકા હોલ, પંખા તથા ટયુબલાઈટ સાથે ભાડેથી આપશે. અરજદારે પોતાના પ્રસંગ માટે જરૂરી ચીજવસ્તુઓ જેવી કે ખુરશી, ટેબલ રસોઈના તથા જમવાના વાસણો માઈકસ્પીકર, ઈલેકટ્રીકનું ડેકોરેશન, જનરેટર, સઘુળું પોતાના ખર્ચે તથા જોખમે લાવવાનું રહશે. આ સઘળી વસ્તુઓનો વપરાશ મહાનગરપાલિકાના નિતીનિયમ મુજબ કે વખતો વખત જે નકકી કરે તે નીતિનિયમોને આધિન કરવાનો રહેશે.

(૨૦) જમણવાર માટે બાજ–દડીયા ઉપયોગ કરી શકાશે નહીં. હોલને વોશીંગ પાવડરથી ધોવડાવી સંપૂર્ણ સાફસફાઈ કરાવીને સુપરવાઈઝર કે હોલ ઈન્ચાર્જને બતાવીને હોલનો કબજો આપવાનો રહેશે. તથા કબજો સંપૂર્ણ સારી હાલમાં તથા નુકશાનરહિત મળ્યો છે તે મતલબનું સર્ટીફીકેટ સુપરવાઈઝર પાસેથી મેળવવાનુ રહેશે. જે ડીપોઝીટ રીફંડ અરજી સાથે બીડવાનું રહેશે.

(૨૧) હોલમાં કે સાથેના ખુલ્લા ગ્રાઉન્ડ ઉપર પાન, સિગારેટ, બીડી, ગુટખા, વિગેરેનો ગલ્લો, લારી કે ખુમચો રાખવા દેવામાં આવશે નહી.

(૨૨) હોલનો ઉપયોગ કરનારની રોકડ રકમ, દાગીના તથા અન્ય વસ્તુઓ ગુમ થાય તો તે માટે મહાનગરપાલિકા કે તેનો કોઈ સ્ટાફ જવાબદાર રહેશે નહી.

(૨૩) હોલનો ઉપયોગ કરનારના પોતાના પ્રસંગ દરમ્યાન કોઈ અકસ્માત અગર ગુન્હો થાય તો તેની સઘળી જવાબદારી હોલનો ઉપયોગ કરનારની રહેશે.

(૨૪) ઉપરોકત શરતોના અર્થઘટન અંગે કંઈ મતભેદ ઉભા થાય તો તેમજ ભાડામાં ફેરફાર કરવા અંગે વખતોવખત મ્યુ.કમિશનરશ્રી અધિકૃત રહેશે.

ફોર્મ વેબસાઇટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.
The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in.
Note: In case the content of this downloaded form is modified, it may lead to legal action and the content as per the original form will be considered as final.

## સામાન્ય ભાડા

૧. હોલના બુકીંગ પેટે ડીપોઝીટ દરેક દિવસ દીઠ રૂા.૩૦૦૦/–.

૨ હોલનું ૧ દિવસના સમયનું ભાડુ રૂા. ૨૫૦૦/–.

૩. ૧ દિવસ કરતા વધારાના સમય માટે આગલી રાત્રે કબજો આપ્યો હોય તો દરેક રાત્રી દીઠ વધારાનું ભાડું રૂા. ૫૦૦/–.

૪. લાઈટના વીજળી મીટરનો એક યુનીટનો ચાર્જ (યુનીટ દીઠ) રૂા. ૭/–.

૫. કેન્દ્ર સરકાર નિયત કરે તે મુજબ સર્વિસ ચાર્જ.

૬. ગેંસ કનેકશનના એક યુનીટનો ચાર્જ રૂા.૪૭ /– (હાલમાં કનેકશન ઉપલબ્ધ નથી.)

નોંધઃ– ડિપોઝીટ, ભાડા, યુનીટ અને સર્વિસ ચાર્જના સુચજેલ દરો નીતી અનુસાર વખતોવખત સુધારાને પાત્ર રહેશે.

ઉપરોકત ભેસ્તાન કોમ્યુનિટી હોલ ભાડેથી લેવાનાં સર્વે નીતી નિયમો મે અમોએ વાચ્યા છે અને તેનું પાલન કરવા હું/અમો બંધાઈએ છીએ.

(૨૫) આ ભાડામાં મહાનગરપાલિકા વખતોવખત ફેરફાર કરી શકશે. સાર્વજનિક હેતુ માટે કામ કરતા ટ્રસ્ટ, એસોસીએશન, રજીસ્ટર્ડ શૈક્ષણિક સંસ્થા યા રજીસ્ટર્ડ મંડળને હોલ વપરાશ અંગે ભાડામાં ૫૦% રાહત આપવી. આ અંગે કોઈ સમસ્યા ઉભી થાય તો અર્થ ઘટન કે અન્ય કોઈપણ પ્રકારનો નિર્ણય કરવાની સત્તા સ્થાયી સમિતિને રહેશે અને સ્થાયી સમિતિનો નિર્ણય છેવટનો ગણાશે.

અરજદારની સહી

ફોર્મ વેબસાઇટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.

The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in.

Note: In case the content of this downloaded form is modified, it may lead to legal action and the content as per the original form will be considered as final.

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૯–૨૦૧૨ ના રોજ મળેલ

સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

સુરત મહાનગરપાલિકાના તમામ કોમ્યુનીટી હોલ / પાર્ટી પ્લોટ ભાડેથી આપવા અંગેના નીતિ નિયમોમાં નીચે મુજબ આંશીક સુધારો કરવામાં આવે છે અને જેનો ઠરાવની તારીખથી અમલ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) બેસણા/ શોકસભા માટે રૂા.૧૫૦૦/– ભાડુ સફાઈ ચાર્જ સહિત વસુલ લઈ પાંચ કલાક માટે તેમજ પાંચ કલાકથી વધુ સમય ઉપયોગ કરે તો પ્રતિ કલાકના રૂા. ૩૦૦/– ચાર્જ લેવાનું તથા લાઈટ / ગેંસ બીલ / સર્વિસ ટેક્ષ પેટે રૂા.૩૦૦૦/– ડીપોઝીટ અલગ લઈ ફાળવવો.

(૨) જો અગાઉના દિવસે કોમ્યુનિટી હોલ / પાર્ટી પ્લોટ ખાલી હોય તો બુકીંગના અગાઉના દિવસે બપોરે ૨:૦૦ વાગ્યાથી રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી રૂા.૧૦૦૦/– સફાઈ ચાર્જ સહિત વસુલ લઈ ફાળવવાનું રહેશે.

(૩) ૧૨ માસ અગાઉ વહેલા તે પહેલા ના ધોરણે એડવાન્સ બુકીંગ માટે રૂા. ૧૫૦૦/– (નોન રીફંડેબલ) ભરી જે તે માસના કોઈ પણ દિવસનું બુકીંગ કરી બાકી ડીપોઝીટ તથા ભાડુ નિયમ મુજબ પાંચ માસ અગાઉ ભરવાના રહેશે.

**ઠરાવ નં.૨૨૧૮/૨૦૧૨ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રીત,

ફોર્મ વેબસાઇટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.

The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in.

Note: In case the content of this downloaded form is modified, it may lead to legal action and the content as per the original form will be considered as final.